ભંગી,સેનવા,હાંડી અને નાડિયા જાતિનાલોકોને
વ્યક્તિગત ધોરણે મકાન બાંધવાની યોજના.

ગુજરાત સરકાર
મજૂર,સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક;-એસસીડબલ્યુ-૧૦૭૯-૭૭૩૩૦-જ
સચિવાલય,ગાંધીનગર.
તા;-૧૫-૨-૮૦

વંચાણે લીધા:-

શિક્ષણ અને મજૂર વિભાગના ઠરાવનં.બીયુડી-૧૦૭૧-૯૭૯૩૦-જ,તા;-૨૫-૦૮-૭૨

ઠરાવ;-

સરકારના તા.૨૫-૮-૧૯૭૨ ના ઠરાવનં.બીયુડી/૧૦૭૧/૯૭૯૩૦/જ થી અનુ.જાતિના લોકોને વ્યક્તિગત ધોરણે મકાન બાંધકામ માટે રૂ.૯૦૦/-ની સહાય આપવાની યોજના અમલમાં છે, અનુસુચિત જાતિના લોકો જેવા કે ભંગી,સેનવા,હાંડી અને નાડિયાનો આર્થિક સ્થિતિ જોતા આ સહાય ઓછી જણાયેલ છે એટલે તેઓને મકાનનાં બાંધકામ માટે પુરતી સહાય આપવામાં આવે તો તેમનો રહેઠાણનો પ્રશ્ન હલ થશે. આ બાબત ધ્યાનમાં લઈ સહાયનો ઢાંચો સુધારવાની દરખાસ્ત સરકારશ્રીની વિચારણામાં હતી અને વિચારણાને અંતે સરકારે નીચે જણાવ્યા પ્રમાણેનો નવો ઢોચો ઉપર નિર્દેશ કરેલ જાતિનાં લોકો માટે વ્યક્તિગત ધોરણે મકાન બાંધવા માટે નક્કી કરેલ.

રૂ. ૨૦૦૦/- સબસીડી
રૂ. ૫૦૦/- લાભાર્થીનો શ્રમ ફાળો.

ફૂલ રૂ. ૨૫૦૦/- (અંકે રૂપિયા બે હજાર પાંચસો પુરા)

સબસીડીની રકમ સમાજ કલ્યાણ ખાતું ચુકવશે.

૨. આ યોજના એક ઘણી અનિવાર્ય યોજના છે, અને તેથી તેનું અમલીકરણ ચાલુ વરસથીજ કરવાનું સરકારે નક્કી કરેલ છે. અને તે મુજબ ચાલુ વર્ષમાં આ જાતિના ૨૫૦/- મકાનો માટે રૂ.૨,૫૦,૦૦૦/-(બે લાખ પચાસ હજાર)ની સબસીડી પ્રથમ હપ્તા તરીકે મંજુર કરવામાં આવે છે.

૩. આ અંગેનું ખર્ચ અંદાજપત્રના સદર``૨૮૮-સોશ્યલ શીક્યોરીટી એન્ડ વેલ્ફેર-સીસીવેલ્ફેર ઓફ બેકવર્ડ ક્લાસીસ વેલ્ફેર ઓફ શીડ્યુલકાસ્ટ હેઠળ થયેલ જોગવાઈઓમાંથી મેળવવામાં આવશે અને તે હેડે ઉધારવામાં આવશે.

૪. આ ઠરાવ નાણાંવિભાગની તા.૪-૨-૮૦ની સંમતીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કા.જે.રાઠોડ
સેકશન અધિકારી
મજૂર,સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,
નિયામકશ્રી, સમાજ કલ્યાણ,ગુજરાત રાજ્ય,અમદાવાદ.